# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-09-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RUSHIKESH HEALTH SCHEME

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અધિકારી-કર્મચારીઓ અને તેમના પરિવારના આરોગ્યની સુખાકારી માટે "ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના"નો આજે ગાંધીનગર ખાતેથી પ્રારંભ કરાવ્યો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ આ યોજનાના લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ એનાયત કર્યા તેમજ 94 નવી 108 એમ્બ્યુલેન્સનું પ્રસ્થાન કરાવ્યું. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું કે આ યોજનાથી સરકારી અધિકારી-કર્મચારી અને તેમના પરિવારની આરોગ્ય સુખાકારીમાં વધારો થશે.

(બાઇટ : ઋષિકેશ પટેલ – આરોગ્ય મંત્રી)

. .

# AMIT SHAH - SURAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે છે. તેઓ આજે સવારે સુરતમાં વરાછા ખાતે આંતરરાષ્ટ્રીય કૃષ્ણ ભાવનામૃત સંઘ- ઇસ્કોન મંદિરના ભૂમિપૂજન સમારોહમાં ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે તેમની સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ , ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવ જોડાયા હતા. ત્યારબાદશ્રી શાહ હવે રાજકોટમાં RDC બૅન્કના પૂર્વ અધ્યક્ષ વલ્લભભાઈ પટેલ અને વિઠ્ઠલભાઈ રાદડિયાની પ્રતિમા અનાવરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સાથે જ તેઓ રાજકોટ જિલ્લા સહકારી બૅન્ક સહિત જિલ્લાકક્ષાની સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં જોડાશે. ત્યારબાદ શ્રી શાહ ખાનગી સમાચારપત્રની 105મી વર્ષગાંઠની ઉજવણી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

શ્રી શાહ આજે રાત્રે અમદાવાદમાં સેટેલાઈટ વિસ્તારની ક્લાઉડ નાઇન સોસાયટી, સરખેજના વ્રજધામ એપાર્ટમેન્ટ અને શેલા રોડ પર આવેલા ઑર્ચિડ લેગસી ખાતે નવરાત્રિ ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહેશે.

. .

# MEHSANA NAVRATRI

નવરાત્રિના પાવન પર્વનો આજથી પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદના GMDC મેદાનમાં વાઇબ્રન્ટ ગુજરાત નવરાત્રિ ઉત્સવનો પ્રારંભ કરાવશે. આજથી સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી  અને પાવાગઢ શક્તિપીઠ સહિતના ધાર્મિક સ્થળો પર ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે.

મહેસાણાના પવિત્ર યાત્રાધામ બહુચરાજી મંદિર ખાતે પ્રક્ષાલન વિધિ સાથે નવરાત્રિની ઉજવણીની શરૂઆત કરવામાં આવી. આજે પહેલા દિવસે સવારે મંત્રોચ્ચાર સાથે મંદિરના ગર્ભગૃહમાં ઘટસ્થાપન વિધિ કરવામાં આવી. હવે આગામી નવ દિવસ સુધી નવરાત્રિ મહોત્સવમાં ભક્તો ગરબાની રમઝટ બોલાવશે.

. . . . .

# CM ON GST REFORMS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , આગામી પેઢીના વસ્તુ અને સેવા કર - GST સુધારા સાથે લોકોનું બચતમાં વધારા સાથે જીવન ધોરણ સુધારશે. નવરાત્રિ પર્વની શુભેચ્છા પાઠવતા શ્રી પટેલે નાગરિકોને સ્વદેશી અપનાવવા અપીલ કરી. તેમણે કહ્યું, હવેનો સમય દેશની આત્મનિર્ભરતા અને સ્વદેશીનો છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

. .

# PM FILM REVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત ફિલ્મ "ચલો જીતે હૈ " રાજ્યભરના સિનેમાગૃહમાં નિઃશુલ્ક દર્શાવવામાં આવી રહી છે.શ્રી મોદીના જીવનની બાળપણની ઘટનાઓથી પ્રેરિત આ ફિલ્મની દર્શકો પ્રશંસા કરી રહ્યા છે. અમદાવાદના એક વિદ્યાર્થિનીએ આ ફિલ્મ અંગે પ્રતિભાવ આપ્યો.

(બાઇટ : વિદ્યાર્થિની)

. . .

# DWARKA DEMOLITION

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા-પોરબંદર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના દબાણ આજે દૂર  કરાયાં. બરડીયા તેમજ ઓખામઢી ગામ પાસે હાથ ધરાયેલી દબાણ હટાવવાની કામગીરીમાં એક હજાર 750 ચોરસ મીટર સરકારી જગ્યા પરની અંદાજે એક કરોડ 55 લાખ રૂપિયાની જમીન ખાલી  કરાવવામાં આવી. દરમિયાન મામલતદાર, SDM સહિત પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.

. . . . . . . .

# PORBANDAR JAHAJ AAG

પોરબંદરના બંદર પર ચોખા ભરેલા એક વહાણમાં ભીષણ આગ લાગ્યાના અહેવાલ છે. બંદરની જેટી પર બનેલી આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વહાણ અને તેમાં રહેલા સામાનને ઘણું નુકસાન થયું છે. ઘટનાની જાણ થતા જ અગ્નિશમન દળ , તટરક્ષક અન બંદર વહીવટી તંત્ર ઘટનાસ્થળે પહોંચ્યું હતું. બંદર સત્તામંડળે આ ઘટનાની ગંભીરતાથી નોંધ લઈ આગામી સમયે આવા બનાવ ન બને તેવી જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી.

. . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આજે ભરૂચ , નર્મદા, સુરત , તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે. તો માછીમારો માટે કોઈ ચેતવણી જાહેર કરવામાં નથી આવી.

દરમિયાન રાજ્યમાં ફરી વરસાદનું જોર ઘટતાં બપોરે 12 વાગ્યા સુધીમાં માત્ર છ તાલુકામાં વરસાદના અહેવાલ છે. સૌથી વધુ એક ઇંચ જેટલો વરસાદ વલસાડના વાપી તાલુકામાં નોંધાયો છે.

બીજી તરફ , ભાવનગર શહેરમાં આજે વહેલી સવારે બે કલાકમાં બે ઇંચ જેટલો વરસાદ થતાં નવરાત્રિના ખેલૈયાઓમાં ચિંતા જોવા મળી રહી છે. તો બોરતળાવ આજે છલકાતા ભાવેણાવાસીઓમાં આનંદની લાગણી જોવા મળી છે.

. . . . .

# DAK ADALAT

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અમદાવાદના અમદાવાદ ખાતેની સ્પીડ પોસ્ટ ભવનમાં આગામી 29 સપ્ટેમ્બરે ડાક અદાલત યોજાશે.

અદાલતમાં નીતિ વિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદોનો નિકાલ કરાશે. ત્યારે અમદાવાદના RMS 'AM' વિભાગને લગતી ટપાલ સેવા સંબંધી ફરિયાદો સિનિયર સુપ્રિટેન્ડેન્ટ , RMS 'AM' વિભાગ, સ્પીડ પોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદને તારીખ 25 સપ્ટેમ્બર સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. સમયમર્યાદા બાદ મળેલી ફરિયાદ ધ્યાનમાં લેવાશે નહીં.

. . . . .